EDII

City Life

05 December, 2021

# કેન્દ્રીય MSME મંત્રીનું EDIIમાં લેક્ચર યોજાયું




સિટી લાઈફ ▸▸ કેન્દ્રીય એમએસએમઈ મંત્રી નારાયણ રાણેએ શનિવારે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII) અમદાવાદની મુલાકાત લીધી હતી અને 'વૃદ્ધિ અને સ્પર્ધાત્મકતાને વેગ આપવામાં એમએસએમઇની ભૂમિકા'પર સંબોધન કર્યું હતું. મંત્રીએ અર્થતંત્રને બેઠું કરવા માટે ઔદ્યોગિક વાતાવરણને પોષણ આપવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'ઔદ્યોગિકરણ વધવાથી વધારે નવીન સમાધાનો પ્રસ્તુત થવાથી સમાજમાં સ્થિરતા આવે છે. આ યુવા પેઢીને રચનાત્મક રીતે વિચારવા અને તેમને સાહસ ખેડવા પ્રેરિત પણ કરે છે. એટલે એમએસએમઇની વૃદ્ધિ અને સ્થિરતા પર ભાર મૂકવો આવશ્યક છે.